UGVCL

# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૭૬, ફેબ્રુઆરી - માર્ચ : ૨૦૨૪



## યુજીવીસીએલએ મેળવ્યો પ્રતિષ્ઠિત IPPAI પાવર એવોર્ડ - ૨૦૨૪



યુજીવીસીએલ દ્વારા સામાજિક દાયિત્વ (C.S.R.) હેઠળ એમ્બ્યુલન્સની ફાળવણી




ભારત સરકાર દ્વારા યુજીવીસીએલના ત્રણ લાઈનસ્ટાફનું દિલ્હી ખાતે સન્માન



યુજીવીસીએલ દ્વારા લાઈનમેન દિવસની ઉજવણી

# આ અંકમાં


**અંક:૭૬**
**ફેબ્રુઆરી - માર્ચ : ૨૦૨૪**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**

**તંત્રી**
શ્રી અરુણ મહેશ બાબુ (એમ.એસ.), આઈ.એ.એસ.
મેનેજિંગ ડિરેક્ટર

**સંપાદક**
શ્રી વિજય એલ. ઓઝા, ઈન્ચાર્જ આસી. મેનેજર (પી. આર.)

**સંકલન સહાયક**
શ્રી એમ.એચ.પઠાણ, જુનિયર આસીસ્ટન્ટ (કોર્પોરેટ કોમ્યુનિકેશન સેલ)

**સંપાદક સમિતિ**
શ્રી જી.એચ.એન્જિનિયર, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી બી.જી.પ્રણામી, કાર્યવાહક મુખ્ય ઇજનેર (પી.)
શ્રી રાજેન્દ્ર જૈન, ઇન્ચાર્જ જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન.એમ.જોષી, કંપની સેક્રેટરી
શ્રી વી.એચ.અસારી, કાર્યવાહક વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી જે.આર.ચૌધરી, વિશેષ મુખ્ય ઇજનેર (ટેક.)
શ્રી એમ.એચ.પટેલ, અધિક્ષક ઇજનેર (ટેક.)
શ્રી એ.પી.પટેલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી સી.જે.રાજપાલ, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી જી.જે.ધનુલા, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી આઈ.જી.કટારા, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
નાયબ અધિક્ષક (વહીવટ),
મહેસાણા વિભાગીય કચેરી.

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, રજિસ્ટર્ડ અને
કોર્પોરેટ ઓફિસ, વિસનગર રોડ, મહેસાણા-૩૮૪૦૦૧.
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
ફિનિસ્કોપ એન્ટરપ્રાઈઝ (લાભુ દેસાઈ)


**પ્રિય વાચકમિત્રો,**
**'આપણું યુજીવીસીએલ'** આપનું પોતાનું સામયિક છે. એમાં જેમ કંપનીને સંબંધિત વિવિધ સમાચારોને સ્થાન આપવામાં આવે છે તેમ આપણા પરિવારના સભ્યોની વિવિધ ક્ષેત્રે પ્રગતિની પણ તેમાં અચૂક નોંધ લેવામાં આવે છે. એટલું જ નહીં, આપણા પરિવારના સભ્યોની વિલક્ષણ પ્રતિભાને બહાર લાવવા માટે, એક સરસ મંચ તરીકે પણ સામયિકને ઉપયોગ કરવાનું અમારું ધ્યેય છે. આપણા જીવનમાં નવી સુગંધ આવે કે વાચકને કોઈ પણ ક્ષેત્રમાં પ્રગતિ માટે પ્રેરણા આપે તેવી કોઈ પણ પ્રકારની કૃતિઓને પણ આ સામયિકમાં ચોક્કસ સ્થાન આપવામાં આવશે. આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેના ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.
cccell@ugvcl.com

# આ અંકના આકર્ષણો...


## સંદેશ

## એવોર્ડ

- યુજીવીસીએલએ મેળવ્યો પ્રતિષ્ઠિત IPPAI પાવર એવોર્ડ - ૨૦૨૪ ... ૦૪



## સામાજિક દાયિત્વ (C.S.R.)

- સામાજિક દાયિત્વ (C.S.R.) હેઠળ મોડાસા અને થરાદ એસ.ડી.એચ.ને એમ્બ્યુલન્સની ફાળવણી ... ૦૬

## ઉજવણી

- સાબરમતી વર્તુળ કચેરી દ્વારા લાઈનમેન દિવસની ઉજવણી ... ૦૮
- મહેસાણા વર્તુળ કચેરી દ્વારા લાઈનમેન દિવસની ઉજવણી ... ૦૯
- હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા લાઈનમેન દિવસની ઉજવણી ... ૧૦
- પાલનપુર વર્તુળ કચેરી દ્વારા લાઈનમેન દિવસની ઉજવણી ... ૧૧

## સન્માન

- ભારત સરકાર દ્વારા યુજીવીસીએલના ત્રણ લાઈનસ્ટાફનું દિલ્હી ખાતે સન્માન ... ૧૨

## સંક્ષિપ્ત સમાચાર

- મહેસાણા કોર્પોરેટ તથા સર્કલ ઓફિસ દ્વારા મહિલા દિનની ઉજવણી ... ૧૨

## કવિતા - પ્રતિભાવ

## વિદાય

- શ્રી એ.યુ.લાલચંદાણી, કાર્યપાલક ઈજનેર (એમ.ડી. સેલ) તથા શ્રી વી.આર.સોની, નાયબ ઈજનેર (સી.જી.એમ.યુ. વિભાગ)ને ભાવભરી વિદાય ... ૧૪



મતદાન એ
આપણા સૌની
નૈતિક અને પવિત્ર
ફરજ છે.

આવો,
લોકશાહીના
અનન્ય પર્વને ઉજવીએ.

અચૂક મતદાન કરીએ.

## જે વ્યક્તિ પોતાના જ્ઞાનને આચરણમાં મૂકે છે, તે જ બુદ્ધિમાન છે.

### પ્રિય કર્મચારી મિત્રો,

સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ આપવાના ધ્યેયને ચરિતાર્થ કરવા માટે આપણે સૌ સહિયારા પુરુષાર્થથી સતત પ્રયત્નશીલ રહ્યા છીએ. કંપનીના માનવંતા ગ્રાહકોને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે તે માટે આપણે સૌ કટિબદ્ધ છીએ.

આપ સૌને જાણ કરતાં મને આનંદ અને ગૌરવની લાગણી થાય છે કે તાજેતરમાં જ આપણી કંપનીને ઇન્ડિપેન્ડન્ટ પાવર પ્રોડ્યુસર એસોસિએશન ઓફ ઇન્ડિયા (IPPAI) દ્વારા "ગ્રાહક જાગૃતિને પ્રોત્સાહન"ની કેટેગરીમાં શ્રેષ્ઠ વિતરણ કંપનીનો એવોર્ડ મળેલ છે. આ સિદ્ધિ બદલ તમામ કર્મચારીઓને હું હૃદયપૂર્વકથી અભિનંદન પાઠવું છું.

૦૪ માર્ચ, ૨૦૨૪ના રોજ "લાઈનમેન દિવસ"ની ઉજવણી આપણે કરેલ છે. આ ઉજવણી પ્રસંગે આપણી કંપનીમાં ફરજ બજાવતા લાઇનસ્ટાફ કર્મચારીઓની નિરંતર સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવેલ. મિત્રો, દરેક જિંદગી અમૂલ્ય છે, તેથી લાઈન ઉપર કામ કરતી વખતે સલામતીના સાધનોનો કાળજીપૂર્વક ઉપયોગ કરીને સાવચેતીપૂર્વક કામ કરવા માટે આપ સૌને નમ્ર અપીલ છે.

દરમિયાન, માર્ચ મહિનામાં ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા લેવાયેલ છે. આ પરીક્ષા આપનારાં, યુજીવીસીએલ પરિવારનાં તમામ બાળકોની ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દીનું ઘડતર થાય તે માટે શુભેચ્છા પાઠવું છું.

મિત્રો, આપણો દેશ સમગ્ર વિશ્વની વિરલ લોકશાહીઓમાં સ્થાન પામેલ છે અને વર્ષો-વર્ષ આપણી લોકશાહી સતત વધુને વધુ મજબૂત બનતી જાય છે. એ પરંપરાને આગળ ધપાવતા, લોકશાહીના અનન્ય પર્વ સમાન ભારત દેશની લોકસભાની ચૂંટણીની જાહેરાત ચૂંટણીપંચ દ્વારા કરવામાં આવેલ છે. મતદાન કરવું એ આપણા સૌની નૈતિક અને પવિત્ર ફરજ છે. હું આપણી કંપનીના તમામ કર્મચારીઓને અને તેમના પરિવારજનોને અચૂકપણે મતદાન કરવા અનુરોધ કરું છું.

ઋતુના બદલાવ પ્રમાણે હવે આપણે શિયાળાની ઋતુમાંથી ઉનાળામાં પ્રવેશ કર્યો છે. ઉનાળાની કાળજાળ ગરમીના દિવસોમાં વીજ પુરવઠાની માંગ નોંધપાત્ર વધતી હોય છે. ગરમીથી બચવા ઘર અને ઓફિસમાં એર કન્ડિશન જેવા વીજ ઉપકરણોનો ઉપયોગ તેમજ પાણીની ખેંચના લીધે પાણી ખેંચવાની મોટરોનો વપરાશ વધતો હોય છે, તેવા સંજોગોમાં વીજ વિતરણની વ્યવસ્થા સુદૃઢ રહે અને અવિરતપણે વીજ પુરવઠો ચાલુ રહે તે માટે સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ આપવાના ધ્યેયને ચરિતાર્થ કરીશું તેવી અભ્યર્થના...

**અરુણ મહેશ બાબુ**
(એમ.એસ.), આઇ.એ.એસ.
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# યુજીવીસીએલએ મેળવ્યો પ્રતિષ્ઠિત IPPAI પાવર એવોર્ડ - ૨૦૨૪



ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ગ્રાહકોને સર્વોત્તમ તથા સાતત્યપૂર્વક સેવા પૂરી પાડવામાં આવે છે. યુજીવીસીએલ તેમના ગ્રાહકોને સતત અને સાતત્યપૂર્વક વીજ પુરવઠો પૂરો પાડીને તેઓના સામાજિક તેમજ આર્થિક ઉત્થાન માટે હંમેશા કાર્યશીલ રહે છે અને ગ્રાહકોની અપેક્ષાઓ સારી રીતે સંતોષી શકાય તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. વિવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલ સર્વેમાં વીજ વિતરણ કામગીરીમાં યુજીવીસીએલની કામગીરી અન્ય કંપનીની સરખામણીમાં અદ્વિતીય રહેલ છે. જેના લીધે કંપનીને અત્યાર સુધી વિવિધ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ મળેલ છે જે ખરેખર કંપની માટે ગૌરવની વાત છે.

**યુજીવીસીએલને મળેલ IPPAI એવોર્ડની વિગત**

| ક્રમ | એવોર્ડની તારીખ | એવોર્ડની કેટેગરી |
|---|---|---|
| ૧. | ૦૮/૦૩/૨૦૧૩ | ગ્રીનેસ્ટ ડિસ્કોમ |
| ૨. | ૦૯/૦૫/૨૦૧૫ | શ્રેષ્ઠ પ્રદર્શન વિતરણ કંપની |
| ૩. | ૦૯/૦૫/૨૦૧૫ | શ્રેષ્ઠ પ્રદર્શન વિતરણ કંપની |
| ૪. | ૨૪/૧૧/૨૦૧૮ | શ્રેષ્ઠ પ્રદર્શન વિતરણ કંપની |
| ૫. | ૦૮/૦૪/૨૦૨૩ | ઉત્કૃષ્ઠ પ્રદર્શન |
| ૬. | ૧૦/૦૨/૨૦૨૪ | "ગ્રાહક જાગૃતિને પ્રોત્સાહન" આપવા માટે શ્રેષ્ઠ વિતરણ કંપની |

**IPPAI એવોર્ડ માટે દેશના નામાંકિત જ્યુરી સભ્યો સામેલ છે.**

| | |
|---|---|
| ૧. | ડૉ.પ્રમોદ દેઓ, ભૂતપૂર્વ ચેરમેન, સી.ઈ.આર.સી. |
| ૨. | શ્રી વી.પી.રાજા, ભૂતપૂર્વ ચેરમેન, એમ.ઈ.આર.સી. |
| ૩. | શ્રી આર.એન.પરાશર, ભૂતપૂર્વ ચેરમેન, એચ.ઈ.આર.સી. |
| ૪. | ડૉ.વી.કે.ગર્ગ, ભૂતપૂર્વ ચેરમેન, જે.ઈ.આર.સી. |
| ૫. | શ્રી અજય શંકર, ભૂતપૂર્વ સેક્રેટરી, ઔદ્યોગિક પોલિસી અને પ્રમોશન |
| ૬. | શ્રી સુનિલ વઢવાણા, મેનેજિંગ ડિરેક્ટર, જી.ઈ.ટી. એન્ડ ડી. ઇન્ડિયા લિમિટેડ |
| ૭. | શ્રી વી. સુબ્રમણ્યમ, મિનિસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રિન્યુએબલ એનર્જી |

તારીખ ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ યુજીવીસીએલને ઇન્ડિપેન્ડન્ટ પાવર પ્રોડ્યુસર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા (IPPAI) દ્વારા કંપનીને "ગ્રાહક જાગૃતિને પ્રોત્સાહન" આપવા માટે શ્રેષ્ઠ વિતરણ કંપનીનો એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. અગાઉ પણ પાંચ વખત વિવિધ કેટેગરીમાં યુજીવીસીએલ કંપનીને એવોર્ડ આપવામાં આવેલ છે.

કર્ણાટક રાજ્યના બેલગામ ખાતે યોજાયેલ ૨૪મી રેગ્યુલેટર્સ એન્ડ પોલિસી મેકર્સ રીટ્રીટમાં યોજાયેલ ભવ્ય સમારંભમાં MNREના સેક્રેટરી શ્રી ભુપીન્દરસિંહ ભલ્લા તથા સી.ઈ.એ.ના ચેરમેન શ્રી ઘનશ્યામ પ્રસાદ દ્વારા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અરુણ મહેશ બાબુ (IAS) અને મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી જી.એચ.એન્જિનિયરને આ એવોર્ડ આપવામાં આવેલ.




યુજીવીસીએલ દ્વારા તેના વિવિધ કેટેગરીના ગ્રાહકોને વિવિધ સેવાઓ માટે જાગૃતિ દ્વારા પ્રોત્સાહન આપીને ઉત્તમ સેવા આપવાની કામગીરીને ઇન્ડિપેન્ડન્ટ પાવર પ્રોડ્યુસર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા (IPPAI) દ્વારા બિરદાવેલ.

ઇન્ડિપેન્ડન્ટ પાવર પ્રોડ્યુસર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા (IPPAI)ની સ્થાપના ભારત સરકાર દ્વારા ૧૯૯૪માં કરવામાં આવેલ. છેલ્લા ૩૦ વર્ષથી કાર્યરત સંસ્થા દ્વારા ઊર્જાક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપતી સંસ્થાઓ, વ્યક્તિઓ, રાજ્યો તેમજ ડિસ્કોમને એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવે છે.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના વિવિધ મજબૂત પરિબળો જેવા કે, ગ્રાહકોની સંખ્યા, કોલ સેન્ટરની સંખ્યા, સેન્ટ્રલાઈઝ્ડ પ્રોસેસિંગ સેન્ટરની સુવિધા, ફરિયાદ નોંધાવવા માટે ટોલ ફ્રી નંબરની સુવિધા, કોલ સેન્ટરમાં બેઠકોની સંખ્યા, ગ્રાહક ફરિયાદ સેન્ટરની સંખ્યા, ગ્રાહક ફરિયાદ સેન્ટરના સ્ટાફની સંખ્યા વગેરે પરિબળો થકી કંપનીને ઇન્ડિપેન્ડન્ટ પાવર પ્રોડ્યુસર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા (IPPAI) પાવર એવોર્ડ ૨૦૨૪ મળેલ છે. કંપનીને મળેલા આ સન્માન દ્વારા કંપનીના દરેક કર્મચારીએ ગૌરવ અનુભવેલ છે. ■






# યુજીવીસીએલ દ્વારા સામાજિક દાયિત્વ (C.S.R.) હેઠળ મોડાસા અને થરાદ એસ.ડી.એચ.ને એમ્બ્યુલન્સની ફાળવણી

## માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી અરુણ મહેશ બાબુ (IAS)ના વરદ્ હસ્તે લોકાર્પણ




૧૫ માર્ચ, ૨૦૨૪ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (UGVCL) દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી - સામાજિક દાયિત્વ (C.S.R.) હેઠળ બનાસકાંઠા જિલ્લાના થરાદ તથા અરવલ્લી જિલ્લાના મોડાસા એસ.ડી.એચ. સેન્ટરને રૂપિયા ૧ કરોડ ૧૯ લાખના ખર્ચે બે "નિયોનેટલ એમ્બ્યુલન્સ" (NICU on Wheels)નું લોકાર્પણ યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અરુણ મહેશ બાબુ (IAS)ના વરદ્ હસ્તે ગાંધીનગર સ્થિત EMC ઓફિસ ખાતે કરવામાં આવ્યું. આ પ્રસંગે કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી જી.એચ.એન્જિનિયર, કાર્યવાહક મુખ્ય ઈજનેર (પી. એન્ડ પી.) શ્રી બી.જી.પ્રણામી, કંપની સેક્રેટરી શ્રી એન.એમ.જોશી, ઇન્ચાર્જ જનરલ મેનેજર (ફાઇનાન્સ) શ્રી આર.એમ.જૈન, આરોગ્ય વિભાગ તરફથી ડૉ.હિતેશ બ્રહ્મભટ્ટ (આસી. ડાયરેક્ટર, મેડિકલ સર્વિસ, ગાંધીનગર), ગુજરાત સી.એસ.આર. ઓથોરિટી તરફથી ચીફ ઓપરેશન્સ ઓફિસર શ્રી પંકજ કામલીયા તથા કંપનીના અન્ય અધિકારીઓ/ કર્મચારીઓ ઉપસ્થિત રહેલ.






વિવિધ આધુનિક સાધનો જેવા કે, નવજાત અને પુખ્ત વયના દર્દીઓ માટે વેન્ટિલેટર, નિયોનેટલ ડિફિબ્રિલેટર ટ્રાન્સપોર્ટ ઈન્ક્યુબેટર, સિરીંજ પંપ, ઈન્ફ્યુઝન પંપનું નિરીક્ષણ, ડિજિટલ બીપી મોનિટર, પોર્ટેબલ પલ્સ ઓક્સિમીટર સ્ટેથોસ્કોપ, સ્કૂપ, બે ફોલ્ડ સ્ટ્રેચર સ્પાઈન બોર્ડ, વ્હીલ ચેર હેડ ઈમોબિલાઇઝર, ઓક્સિજન સિલિન્ડર, ઓક્સિજન બી ટાઈપ સિલિન્ડર, થર્મોમીટર ક્લિનિકલ ડિજિટલ 32-43 ડિગ્રી, ઇલેક્ટ્રોનિક બેબી સ્કેલ ટ્રાન્સક્યુટેનીયસ બિલીરૂબિનોમીટર, પોર્ટેબલ સેક્શન પંપ, 220V ડબલ્યુ/એક્સેસ, ઈન્ફન્ટોમીટર 105 સેમી. વગેરે ધરાવતી "નિયોનેટલ એમ્બ્યુલન્સ" મળવાથી થરાદ તેમજ મોડાસા એસ.ડી.એચ.ના વિસ્તારમાં નવજાત શિશુને સત્વરે અને અસરકારક તેમજ ઉચ્ચ પ્રકારની સારવાર ઉપલબ્ધ થશે.

આ પ્રકારની સુવિધા ઉપલબ્ધ થવાથી આ વિસ્તારમાં નવજાત બાળકોના મૃત્યુદર તેમજ બિમારીમાં ઘટાડો કરવામાં અત્યંત મદદરૂપ થશે. ■







# સાબરમતી વર્તુળ કચેરી દ્વારા લાઈનમેન દિવસની ઉજવણી

સરકારશ્રીની સુચના અનુસાર જાહેર સાહસની તમામ વીજ વિતરણ કંપની, બોર્ડ તથા નિગમોમાં ફરજ બજાવતા લાઈનસ્ટાફની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવવા જેવી કે, આવશ્યક સેવાને નિરંતર, કોઈ પણ અડચણો વિના, સુરક્ષિત રીતે પૂર્ણ કરવા તથા ગ્રાહકોના સંતોષને પ્રાધાન્ય આપવાની સાથે સંસ્થા પ્રત્યે અમૂલ્ય યોગદાન બદલ તારીખ ૦૪ માર્ચ, ૨૦૨૪ના રોજ સાબરમતી વર્તુળ કચેરી તથા તેના તાબા હેઠળની તમામ વિભાગીય, પેટા વિભાગીય કચેરી ખાતે "લાઈનમેન દિવસ"ની ઉજવણી કરવામાં આવેલ છે.

વર્તુળ કચેરી, સાબરમતીના તાબા હેઠળની તમામ કચેરીઓ ખાતે "લાઈનમેન દિવસ"ની ઉજવણી પ્રસંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. સલામતીને લગતાં વક્તવ્યો, લાઈનસ્ટાફ કર્મચારીને તેઓની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ સન્માન કરવું, સલામતી શપથ વગેરે જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. ■









# મહેસાણા વર્તુળ કચેરી દ્વારા લાઈનમેન દિવસની ઉજવણી

સરકારશ્રીની સુચના અનુસાર જાહેર સાહસની તમામ વીજ વિતરણ કંપની, બોર્ડ તથા નિગમોમાં ફરજ બજાવતા લાઈનસ્ટાફની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવવા જેવી કે, આવશ્યક સેવાને નિરંતર, કોઈ પણ અડચણો વિના, સુરક્ષિત રીતે પૂર્ણ કરવા તથા ગ્રાહકોના સંતોષને પ્રાધાન્ય આપવાની સાથે સંસ્થા પ્રત્યે અમૂલ્ય યોગદાન બદલ તારીખ ૦૪ માર્ચ, ૨૦૨૪ના રોજ મહેસાણા વર્તુળ કચેરી તથા તેના તાબા હેઠળની તમામ વિભાગીય, પેટા વિભાગીય કચેરી ખાતે "લાઈનમેન દિવસ"ની ઉજવણી કરવામાં આવેલ છે.

લાઈનમેન દિવસ નિમિત્તે કર્મચારીઓને ફરજ દરમિયાન થતાં અકસ્માતને સેફ્ટીના સાધનોના ઉપયોગથી કેવી રીતે નિવારી શકાય એની માહિતી પૂરી પાડી સમજ આપવામાં આવેલ હતી. આ ઉપરાંત કર્મચારીઓ સેફ્ટીના સાધનોનો ફરજિયાત ઉપયોગ કરશે એવા શપથ પણ લેવડાવવામાં આવેલ હતા. જે કર્મચારી દ્વારા ઉત્કૃષ્ઠ કામગીરી કરવામાં આવેલ હોય તેઓને સન્માનપત્ર આપીને બિરદાવવામાં આવેલ તથા ભવિષ્યમાં પણ સારી કામગીરી કરીને યુજીવીસીએલનું નામ રોશન કરે એવી શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. ■










ઉજવણી

# હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા લાઈનમેન દિવસની ઉજવણી

સરકારશ્રીની સુચના અનુસાર જાહેર સાહસની તમામ વીજ વિતરણ કંપની, બોર્ડ તથા નિગમોમાં ફરજ બજાવતા લાઈનસ્ટાફની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવવા જેવી કે, આવશ્યક સેવાને નિરંતર, કોઈ પણ અડચણો વિના, સુરક્ષિત રીતે પૂર્ણ કરવા તથા ગ્રાહકોના સંતોષને પ્રાધાન્ય આપવાની સાથે સંસ્થા પ્રત્યે અમૂલ્ય યોગદાન બદલ તારીખ ૦૪ માર્ચ, ૨૦૨૪ના રોજ હિંમતનગર વર્તુળ કચેરી તથા તેના તાબા હેઠળની તમામ વિભાગીય, પેટા વિભાગીય કચેરી ખાતે "લાઈનમેન દિવસ"ની ઉજવણી કરવામાં આવેલ છે.

વર્તુળ કચેરી, હિંમતનગરના તાબા હેઠળની તમામ કચેરીઓ ખાતે કચેરીના વડાશ્રીઓ દ્વારા વીજ સલામતી શપથ લેવડાવવામાં આવેલ તેમજ વીજ લાઈન પર કામ કરતી વખતે વીજ સલામતી અને સાવચેતી જાળવવા અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ. વીજ સલામતીના સાધનોનો ફરજિયાત ઉપયોગ કરવા અંગે સૂચના પણ આપવામાં આવેલ. ■









# પાલનપુર વર્તુળ કચેરી દ્વારા લાઈનમેન દિવસની ઉજવણી

સરકારશ્રીની સુચના અનુસાર જાહેર સાહસની તમામ વીજ વિતરણ કંપની, બોર્ડ તથા નિગમોમાં ફરજ બજાવતા લાઈનસ્ટાફની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવવા જેવી કે, આવશ્યક સેવાને નિરંતર, કોઈ પણ અડચણો વિના, સુરક્ષિત રીતે પૂર્ણ કરવા તથા ગ્રાહકોના સંતોષને પ્રાધાન્ય આપવાની સાથે સંસ્થા પ્રત્યે અમૂલ્ય યોગદાન બદલ તારીખ ૦૪ માર્ચ, ૨૦૨૪ના રોજ પાલનપુર વર્તુળ કચેરી તથા તેના તાબા હેઠળની તમામ વિભાગીય, પેટા વિભાગીય કચેરી ખાતે "લાઈનમેન દિવસ"ની ઉજવણી કરવામાં આવેલ છે.

વર્તુળ કચેરી ખાતે પાલનપુર હાઇવે/ગ્રામ્ય/શહેર પેટા વિભાગીય કચેરીઓ દ્વારા સંયુક્ત રીતે "લાઈનસ્ટાફ દિવસ"ની ઉજવણી GEKC ટ્રેનિંગ સેન્ટર, પાલનપુર ખાતે રાખવામાં આવેલ, જેમાં પાલનપુર સ્થિત વિવિધ કચેરીઓ ખાતેથી કર્મચારીઓ હાજર રહેલ. આ કાર્યક્રમમાં પાલનપુર વિભાગીય કચેરી-૦૧ના કાર્યપાલક ઈજનેર શ્રી કે.આર.જોશી તેમજ અન્ય અધિકારીઓ પણ ઉપસ્થિત રહેલ. ત્યારબાદ પ્રસંગને અનુરૂપ શ્રી કે.આર.જોશી દ્વારા ઉદ્‌બોધન કરવામાં આવેલ તથા લાઈનસ્ટાફ કર્મચારીઓનું સન્માન કરવામાં આવેલ. ■









સન્માન

# ભારત સરકાર દ્વારા યુજીવીસીએલના ત્રણ લાઈનસ્ટાફનું દિલ્હી ખાતે સન્માન

તારીખ ૦૪/૦૩/૨૦૨૪ના રોજ "લાઈનમેન દિવસ"ની ઉજવણી અંતર્ગત સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી ઓથોરિટી (CEA), દિલ્હી દ્વારા ઈન્ડિયા હેબીટેટ સેન્ટર ખાતે યોજાયેલ સન્માન સમારોહમાં યુજીવીસીએલના કર્મનિષ્ઠ લાઈનસ્ટાફનું સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી ઓથોરિટી (CEA), દિલ્હી દ્વારા સન્માન કરવામાં આવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (યુજીવીસીએલ)નો લાઈનસ્ટાફ ટાઢ, તડકો કે વરસાદી માહોલ સાથે કોઈપણ ઋતુ હોય કે કુદરતી હોનારતના સંજોગો હોય તો પણ રાત-દિવસ કંપનીના માનવંતા ગ્રાહકોને અવિરત વીજ પુરવઠો મળી રહે તે માટે તેઓના કૌટુંબિક તેમજ સામાજિક જીવનના ભોગે પણ સદાય તત્પર અને કટિબદ્ધ હોય છે, તેવા આ લાઈનસ્ટાફના સન્માનમાં લાઈનમેન દિવસની ઉજવણી પ્રસંગે સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી ઓથોરિટી (CEA), દિલ્હી દ્વારા ટાટા પાવરના સહયોગથી ઈન્ડિયા હેબીટેટ સેન્ટર, દિલ્હી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સન્માન કરવામાં આવેલ.આ સન્માન બદલ યુજીવીસીએલ ગર્વની લાગણી અનુભવે છે. ■




**ઊર્જા મંત્રાલય દ્વારા સન્માનિત કર્મચારીઓ**

| ક્રમ | નામ તથા કચેરીનું સ્થળ |
|---|---|
| ૧ | શ્રી જી.આર.ચૌધરી (પ્રાંતિજ પેટા વિભાગ) |
| ૨ | શ્રી એમ.પી.પટેલ (મોટેરા પેટા વિભાગ) |
| ૩ | શ્રી એસ.આઈ.શેખ (પાલનપુર શહેર પેટા વિભાગ) |

# મહેસાણા કોર્પોરેટ તથા સર્કલ ઓફિસ દ્વારા મહિલા દિનની ઉજવણી

દર વર્ષે ૦૮ માર્ચના દીવસે આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવવામાં આવે છે. જે અંતર્ગત ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ હસ્તકની હિંમતનગર, મહેસાણા, સાબરમતી અને પાલનપુર વર્તુળ કચેરીની મહિલા કર્મચારીઓ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને મહિલા દિનની ઉજવણી કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિન તારીખ ૦૮ માર્ચ, ૨૦૨૪ના રોજ મહેસાણા કોર્પોરેટ તથા સર્કલ ઓફિસની મહિલા કર્મચારીઓ દ્વારા દ્વારકા, નાગેશ્વર, પોરબંદર, સોમનાથ વગેરે સ્થળોની મુલાકાત લઇને મહિલા દિન ઉજવવામાં આવેલ.

જેમાં મહેસાણા કોર્પોરેટ તથા મહેસાણા વર્તુળ કચેરી હસ્તકની વિવિધ વિભાગીય કચેરીઓ અને પેટાવિભાગીય કચેરીની કુલ ૩૨ મહિલા કર્મચારીઓએ ભાગ લીધેલ. દ્વારકા શિવરાજપુર દરિયાકિનારે વિવિધ રમતો રમી કુદરતના સાનિધ્યને માણી સમગ્ર પ્રવાસને યાદગાર બનાવેલ. ■



## જિંદગીની માયા

ક્યારેક તાપ તો ક્યારેક છાયા,
અદ્‌ભુત છે જિંદગીની માયા.

ફૂલની જોડે પણ કાંટો આપે,
મુશ્કેલીઓમાં ક્યાંક ફાંટો આપે.
ફળ એવું જેવા બીજ હશે વાયા,
અદ્‌ભુત છે જિંદગીની માયા.

જગમાં કર્મ જ આપશે સૌને સંદેશ,
'પ્રણય' જ હશે સ્મૃતિમાં હર-હંમેશ.
નશ્વર છે આ માટીની કાયા,
અદ્‌ભુત છે જિંદગીની માયા.

- પ્રણય વાવડીયા
અધિક્ષક હિસાબનીશ,
રજિ. એન્ડ કોર્પોરેટ કચેરી, મહેસાણા

## કો'કની આહ સાંભળીએ

વાહવાહ બહુ કરી, કો'કની આહ સાંભળીએ,
કોઈનુ દુઃખ દુર કરી, કોઈની દાહ સાંભળીએ.

સ્વયંનો સાથ મેળવી, સ્વની ચાહ સાંભળીએ,
રસ્તાનો રાહી બનાવી, રવની રાહ સાંભળીએ.

પારકા એ પારકા નથી, એમને પોતાના ગણીએ,
અંગત માની આપણા, પ્રેમે પરવાહ સાંભળીએ.

પ્રવૃત્ત રહીએ, નિવૃત્ત રહીએ, સહયોગ આપીએ,
પ્રકૃતિને પ્રેમ કરી, નિજની નિગાહ સાંભળીએ.

દુઃખ હોય કે સુખ, કોઈનો સંગાથ ના છોડીએ,
વ્હાલાને વ્હાલા થૈ, વ્હાલાની વાહ સાંભળીએ.

ભીડ પડે કે ચીડ ચડે, કદી ચિડાઈના જઈએ,
"અમૃત" અવનીમાં કોઈકની આહ સાંભળીએ.

- અમૃત શ્રીમાળી,
નિવૃત્ત અધિક્ષક (હિસાબ), મહેસાણા વર્તુળ કચેરી.

## પ્રતિભાવ

સી.સી.સેલ,
મહેસાણા ટીમનો
ખૂબ ખૂબ આભાર...
ખૂબ જ સુંદર,
માહિતીસભર અંક છે
તેમજ લેખાંકન ખૂબ જ
સરસ કાબિલેદાદ,
અભિનંદનને પાત્ર છે.

- અમૃત શ્રીમાળી,
નિવૃત્ત અધિક્ષક (હિસાબ),
મહેસાણા વર્તુળ કચેરી.

## જીવન જીવી લઈએ

પ્રેમથી જીવન જીવી લઈએ,
પછી તો ફ્રેમમાં જીવવાનું છે.

ચઢાવશે કોઈ ફૂલ કે કાંટા,
ફોટામાં હસતા રહેવાનું છે.

મળશે જગ્યા આ દીવાલ પર,
ત્યાંથી બધું જોયા કરવાનું છે

છોડી દો આ બધી માયા મમતા,
આપણે તો એકલા જવાનું છે.

ગાડી, વાડી, લાડી અને વૈભવ,
આ બધું અહિંયા જ રહેવાનું છે.

ઝાડ સૂકાઈ ગયું ફળ વિના,
એને પણ હવે કાપવાનું છે.

સ્વાર્થી સગા છે ઘણાં જગતમાં,
માટે દુર્ગુણો ભૂલી જવાનું છે.

આવવું અને જવું નક્કી જ છે,
તો પછી સૌને વ્હાલા થવાનું છે.

- આર. જી. પટેલ,
સિનીયર આસિસ્ટન્ટ,
પાટણ વિભાગીય કચેરી.

## પ્રતિભાવ

ખૂબ જ સુંદર રીતે
લેખાંકન કરેલ છે.
ઘણી મહત્વની અને
સુંદર માહિતી આપવા
બદલ સમગ્ર સી.સી.સેલ,
મહેસાણાની
ટીમ ખૂબ જ
અભિનંદનને પાત્ર છે.

- એ.એ.સથવારા,
નાયબ અધિક્ષક (હિસાબ),
મોઢેરા પેટા વિભાગીય કચેરી.

# શ્રી એ.યુ.લાલચંદાણી, કાર્યપાલક ઈજનેર (એમ.ડી. સેલ) તથા શ્રી વી.આર.સોની, નાયબ ઈજનેર (સી.જી.એમ.યુ. વિભાગ)ને ભાવભરી વિદાય

તારીખ ૨૯/૦૨/૨૦૨૪ના રોજ વયમર્યાદાને લીધે નિવૃત્ત થઈ રહેલ શ્રી એ.યુ.લાલચંદાણી (કાર્યપાલક ઈજનેર, એમ.ડી.સેલ)ને વિદાય આપવા માટેના સમારંભનું આયોજન તારીખ ૨૯/૦૨/૨૦૨૪ના રોજ કંપનીના વિશેષ મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી જી.એચ.એન્જિનિયરના અધ્યક્ષસ્થાને કા.વા. મુખ્ય ઇજનેર (પી.) શ્રી બી.જી.પ્રણામી, કંપની સેક્રેટરી શ્રી એન.એમ.જોશી, મહાપ્રબંધક (નાણા) શ્રી આર.એમ.જૈન, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક.) શ્રી જે.આર.ચૌધરી, કાર્યવાહક વિશેષ મુખ્ય ઈજનેર (કોમર્સ) શ્રી ડી.બી.પટેલ, કાર્યવાહક વિશેષ મહાપ્રબંધક (મા.સં.) શ્રી વી.એચ.અસારી તથા કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.

શ્રી એ.યુ.લાલચંદાણીની કારકિર્દીની શરૂઆત તારીખ ૧૮ એપ્રિલ, ૧૯૯૦ના રોજ વિજાપુર વિભાગીય કચેરી ખાતે જુનિયર ઈજનેર તરીકે થયેલ. ત્યારબાદ તારીખ ૦૭ જુન, ૧૯૯૧ના રોજ મહેસાણા વર્તુળ કચેરી ખાતે બદલી મેળવેલ અને તારીખ ૦૮ જુન, ૨૦૦૦ના રોજ વિસનગર વિભાગીય કચેરી ખાતે કંપની હિતમાં બદલી થયેલ. ત્યારબાદ તારીખ ૨૧ નવેમ્બર, ૨૦૦૫ના રોજ કંપનીની રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ કચેરી, મહેસાણા ખાતે બદલી મેળવેલ તથા તારીખ ૦૮ જુન, ૨૦૦૬ના રોજ નાયબ ઇજનેર તરીકે બઢતી મેળવી કંપનીની રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ કચેરી, મહેસાણા ખાતે ફરજ બજાવેલ. તારીખ ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજથી ઊંઝા ગ્રામીણ પેટા વિભાગીય કચેરી ખાતે બદલી મેળવેલ. તારીખ ૨૫ જુલાઈ, ૨૦૧૬ના રોજ કંપનીની રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ કચેરી, મહેસાણા ખાતે કાર્યપાલક સહાયક તરીકે કાર્યભાર સંભાળેલ અને ૦૧ નવેમ્બર, ૨૦૨૧ના રોજ કાર્યપાલક ઈજનેર તરીકે બઢતી મળેલ.

તારીખ ૧૮ એપ્રિલ, ૧૯૯૦થી તારીખ ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધીની લાંબી કારકિર્દી સફળતાપૂર્વક પૂર્ણ કરી તારીખ ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ વયમર્યાદાને લીધે નિવૃત્ત થયેલ શ્રી એ.યુ.લાલચંદાણી (કાર્યપાલક ઇજનેર, એમ.ડી.સેલ)ના વિદાય સમારંભના કાર્યક્રમનું સફળ સંચાલન શ્રીમતી આર.એમ.મનસુરી, (જુનિયર આસિસ્ટન્ટ, ટેકનિકલ વિભાગ) અને પ્રાસંગિક ઉદ્બોધન શ્રી કે.બી.ચૌધરી, (નાયબ ઈજનેર, કોમર્સ વિભાગ) દ્વારા કરવામાં આવેલ.











કંપનીના મુખ્ય ઈજનેર (ઓપી.) શ્રી જી.એચ.એન્જિનિયર દ્વારા વયનિવૃત્ત થતા અધિકારી શ્રી લાલચંદાણીનું સન્માનપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવેલ. કંપનીના કાર્યવાહક મુખ્ય ઈજનેર શ્રી બી.જી.પ્રણામી દ્વારા વયનિવૃત્ત થતા અધિકારી શ્રી લાલચંદાણીને શાલ અર્પણ કરવામાં આવેલ, સાથે જ મહેસાણા વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર શ્રી એ.પી.પટેલે પણ શ્રી લાલચંદાણીને શાલ અર્પણ કરેલ. શ્રી વી.એચ.અસારી, કા.વા. વિશેષ મહાપ્રબંધક દ્વારા પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવેલ અને મહાપ્રબંધક (નાણા) શ્રી આર.એમ.જૈન દ્વારા નિવૃત્તિ અંગેના નાણાકીય લાભોનો ચેક અર્પણ કરવામાં આવેલ.

શ્રી વી.આર.સોનીની કારકિર્દીની શરૂઆત ૧૨ નવેમ્બર, ૧૯૯૦ના રોજ તત્કાલીન ગુજરાત વિદ્યુત બોર્ડની ભાવનગર વર્તુળ કચેરી ખાતે જુનિયર ઈજનેર તરીકે થયેલ. ત્યારબાદ તેઓએ જેસર પેટાવિભાગીય કચેરી, બોટાદ પેટાવિભાગીય કચેરી, બોટાદ વિભાગીય કચેરી, પાટડી પેટાવિભાગીય કચેરી, બાવળા-૧ પેટાવિભાગીય કચેરી, સાબરમતી વર્તુળ કચેરીની નારોલ આર.એસ.ઓ. જેવી વિવિધ કચેરીઓ ખાતે જુનિયર ઈજનેર તરીકે ફરજ બજાવેલ. ત્યારબાદ તારીખ ૦૨ ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ નાયબ ઈજનેર તરીકે બઢતી મેળવી ખેરાલુ પેટાવિભાગીય કચેરી ખાતે કાર્યભાર સંભાળેલ અને ત્યારબાદ બારેજા પેટાવિભાગીય કચેરી, કલોલ વિભાગીય કચેરી, સાંતેજ પેટાવિભાગીય કચેરી, સાબરમતી વર્તુળ કચેરી હેઠળ GEKC ટ્રેનિંગ સેન્ટર, મહેસાણા વર્તુળ કચેરી હેઠળ GEKC ટ્રેનિંગ સેન્ટર અને છેલ્લે કંપનીની રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ કચેરી, મહેસાણા ખાતે નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવેલ.

કંપનીના કાર્યવાહક વિશેષ મુખ્ય ઇજનેર (કોમર્સ) શ્રી ડી.બી.પટેલ દ્વારા વયનિવૃત્ત થતા અધિકારી શ્રી વી.આર.સોનીનું સન્માનપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવેલ. કંપનીના વિશેષ મુખ્ય ઈજનેર (ટેક.) શ્રી જે.આર.ચૌધરી દ્વારા વયનિવૃત્ત થતા અધિકારીશ્રી સોનીને શાલ અર્પણ કરવામાં આવેલ તથા શ્રી એચ.એન.ભાવસાર, કાર્યવાહક નાયબ મહાપ્રબંધક (ભા.સં.) દ્વારા પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવેલ અને નાયબ નિયંત્રક (હિસાબ) શ્રી ડી.એમ.ભરવાડીયા દ્વારા નિવૃત્તિ અંગેના નાણાકીય લાભોનો ચેક અર્પણ કરવામાં આવેલ.

કાર્યક્રમના અંતે વિદાય લેતા અધિકારીઓના સાથી કર્મચારીઓએ અધિકારીઓ સાથે પોતાના અનુભવો/સંસ્મરણો યાદ કરીને પ્રતિભાવો આપેલ તથા વિદાય થનાર અધિકારીઓએ પણ કારકિર્દી દરમિયાન પોતાના અનુભવો/ સંસ્મરણો યાદ કરીને પ્રતિભાવો આપેલ. ત્યારબાદ કંપનીના મુખ્ય ઇજનેર (ઓપી.) શ્રી જી.એચ.એન્જિનિયર દ્વારા વિદાય સમારંભને અનુલક્ષી ઉદ્‌બોધન કરવામાં આવેલ, જેને ઉપસ્થિત કર્મચારીગણે તાળીઓના ગડગડાટથી વધાવેલ.

યુજીવીસીએલ પરિવાર તેમના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે શુભકામનાઓ પાઠવે છે.■













UGVCL

# ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

## ગ્રાહક મિત્રો,
## આપની વીજ સંબંધિત કોઈ પણ ફરિયાદના નિવારણ માટે અમારા ટોલ-ફ્રી નંબર

## : ૧૯૧૨૧

## પર સંપર્ક કરવા વિનંતી.

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવા સમર્પિત...

UGVCL

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ, વિસનગર રોડ, મહેસાણા - ૩૮૪૦૦૧.

ટોલ ફ્રી નંબર : ૧૯૧૨૧ અથવા ૧૮૦૦ ૨૩૩ ૧૫૫ ૩૩૫

**આપણું યુજીવીસીએલ**
www.ugvcl.com

આ અંક આપને કેવો લાગ્યો?
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી,
લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઈમેઈલ
આઈડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com